
# ભિલોડા તાલુકામાં સાંબલેધાર વરસાદ

## ભિલોડામાં ૮ કલાકમાં ૪ ઈંચથી વધુ વરસાદ ખાબક્યો : ભિલોડાના ગ્રામ્ય વિસ્તારોમાં વૃક્ષો અને વીજળીના થાંભલા ધારાશાયી

ભિલોડા,તા.૨૪

ભિલોડા તાલુકામાં મેહુલીયો મન મુકીને વરસતાં ઠેર-ઠેર સાંબલેધાર વરસાદ ખાબક્યો હતો ત્યારે જીનજીવન ખોરવાયું છે. ભિલોડા પંથકમાં ૮ કલાકમાં ૪ ઈંચથી વધુ વરસાદ ખાબક્યો હતો.ભિલોડા પાસેથી પસાર થતી હાથમતી નદી અને બુઢેલી નદી બે કાંઠે વહેતી થઈ હતી ત્યારે નદીમાં આવેલા ઘોડાપુરને જોવા લોકોના ટોળે-ટોળા બ્રીજ ઉપર ઉમટ્યા હતા. ભિલોડા તાલુકાના અંતરીયાળ ડુંગરાળ ગ્રામ્ય વિસ્તારોમાં વૃક્ષો અને વીજળીના થાંભલા ધારાશાયી થઈ જતાં વીજપુરવઠો ખોરવાયો હતો. ભિલોડામાં હાર્દસમા રેસીડેન્ટ વિસ્તારોમાં ઠેર-ઠેર નીચાણવાળા વિસ્તારોમાં ઢીંચણસમું વરસાદી પાણી ભરાયું હતું ત્યારે વાહનચાલકો અને રાહદારીઓ ભારે મુશ્કેલીમાં મુંકાયા હતા.ભિલોડા તાલુકામાં સાર્વત્રીક વરસાદી હેલી અવિતરતપણે રહેતાં નદી, નાળા, તળાવો, ચેકડેમો, જળાશયોમાં વરસાદી પાણીની આવકો થઈ હતી. ભિલોડામાં સાતાતા વરસાદના કારણે વેપારીઓએ ધંધા-રોજગાર મોટા ભાગે બંધ રાખ્યા હતા.







ભિલોડા તાલુકામાં સતત વરસાદના કારણે ઉબસલ, નવલપુર, વાંકાનેર, મુનાઈ, મલાસા, ખલવાડ, નારણપુર, મોટા કંથારીયા, ઓડ, ભટેળા સહિત વિવિધ ગ્રામ્યવિસ્તારોમાં ક્યાંક મકાનની દિવાલો ધારાશાયી થઈ તો ક્યાંક મકાનો પડી જતાં પ્રજાજનોને નુકશાન સહન કરવાનો વારો આવ્યો છે.

ભિલોડા તાલુકાના વાંકાટીંબા ગામમાં માવજીભાઈ પુનાજી ડામોરના ઘર આગળ બાંધેલ ભેંસનું મોત નિપજ્યું હતું. ભિલોડા તાલુકાના કિશનગઢ ગામ પાસે ડીપ ઉપર વરસાદી પાણી ફરી વળતાં ૭ થી વધુ ગામો સંપર્ક વિહોણા છે. ભિલોડા પાસેથી પસાર થતી હાથમતી નદીમાં વરસાદી પાણીના ઘોડાપુર આવતા ૧૦ થી વધુ ગામોનો વહીવટી તંત્ર ધ્વારા એલર્ટ કરાયા હતા.

ભિલોડા તાલુકાના ખેરાડી ગામ પાસેના મણીનાગર કંપાના રહેવાસી પટેલ લખુભાઈ રામજીભાઈ તેમજ ત્રણ ઈસમો મુળીયા ટીંબા ગામે કામ અર્થે ગયા હતા પરત આવતા મુળીયા ટીંબાના વાંઘામાં ઉતરતાં વાંઘાના ધસમસતાં પાણીના પ્રવાહમાં જીપ ખેંચાતાં ભારે બુમાબુમી કરતાં મુળીયા ટીબા તેમજ ખેરાડી ગામના યુવાનો ઘટનાસ્થળે પહોંચી રસ્સીઓ નાખીને ટ્રેક્ટર ખેંચી ફસાયેલ જીપને બહાર ખેંચી કાઢતાં જીપમાં બેઠેલા ચાર મુસાફરોએ હાશકારો અનભવ્યો હતો.(૧) લખુભાઈ રામજીભાઈ પટેલ (૨) ભાણેજ (૩) પટેલ સુરેશભાઈ (૪) પટેલ અપ્પુભાઈ તેમજ સ્પેશીયો જીપ નંબર. જી.જે.૯. એમ.૫૧૮૭ ને બચાવી લેવાયા હતા.

ભિલોડા તાલુકામાં સતત વરસાદના કારણે ક્યાંક કહેર તો ક્યાંક મહેરના દશ્યો જોવા મળતા હતા. ભિલોડા તાલુકાન આજ દિન સુધીનો ૫૫૧ મી.મી. વરસાદ નોંધાયો છે. ભિલોડા તાલુકામાં સાર્વત્રીક વરસાદના કારણે ઠેર-ઠેર ખેતરોમાં વરસાદી પાણી ભરાઈ જતાં ખેતરો બેટ બન્યા હતા.

# ઈડર અને હિમતનગરમાં પોણા ૬ ઈંચ વરસાદ

હિમતનગર

સાબરકાંઠા જીલ્લામાં જીલ્લામાં આજે વહેલી સવારથી વરસાદ વરસી રહ્યો છે ત્યારે દિવસ દરમિયાન ૧૨ કલાકમાં વરસેલ વરસાદને લઈને હાથમતી, સાબરમતી અને હરણાવ નદીમાં નવા નીર આવ્યા હતા તો વરસાદને કારણે ખેડબ્રહ્મામાં વોર્ડ નં-૬ માં ચંચળબ વિસ્તારમાં પ્રાથમિક શાળા પાસે બે કાચા મકાનો ધરાશાઈ થયા હતા અને તલોદના સાગપુર રોજડમાં માધ્યમિક શાળામાં પાણી ભરાયા હતા.હિમતનગરમાં વરસાદને લઈને દેરોલના આંબેડકરનગરમાં પાણી ભરાયા હતા.જયારે હિમતનગરના વોટડા પાસે રેલ્વે અન્ડરબ્રીજ અને શહેરમાં ઈન્દ્રનગર વિસ્તારમાં જવાના માર્ગે આવેલ અમદાવાદ-ઉદેપુર રેલ્વે અન્ડરબ્રીજમાં પાણી ભરાયા હતા.તો શહેરના બેરણા રોડ પર વિવિધ સોસાયટીમાં પાણી ભરાયા હતા જયારે હિમતનગર-વિજાપુર માર્ગ પર પાણી ફરી વળ્યા હતા.તો હિમતનગરના મહાવીરનગર વિસ્તારની અક્ષરધામ બંગ્લોઝમાં ત્રણ મકાનના કોટ ની દીવાલ ધરાશાઈ થઈ હતી.બીજી તરફ હવામાન વિભાગ દ્વારા આગામી ૪૮ કલાક ભારે વરસાદને લઈને જિલ્લા કલેક્ટર પી.સ્વરૂપે કલેક્ટર તમામ વિભાગના અધિકારી સાથે કરી મિટિંગ યોજી હતી.જેમાં આવતી કાલે જીલ્લાની તમામ શાળા અને કોલેજમાં રજા જાહેર કરવાનો નિર્ણય લેવાયો હતો.બીજી તરફ તલોદ તાલુકાના રણાસણ થી નવા ગામ જવા માટેનો ડીપ પર મેશ્વો નદીના પાણીનો પ્રવાહ વધતા બંધ કરવામા આવ્યો અને વૈકલ્પિક વ્યવસ્થા મોહનપુર અને નાના ચેખલા થી કરાતા વાહન વ્યવહાર ચાલુ કરાયો હતો.વધુ વરસાદને કારણે પોશીનામાં આવેલ ગોયા તળાવ ભરાયું હતું.

**જીલ્લામાં છેલ્લા ૨૪ કલાકમાં નોધાયેલ વરસાદ**

| | |
|---|---|
| હિંમતનગર | ૬૩ મીમી |
| ઈડર | ૧૬૦મીમી |
| ખેડબ્રહ્મા | ૧૨૫મીમી |
| પોશીના | ૧૫૫મીમી |
| પ્રાંતિજ | ૪૧ મીમી |
| તલોદ | ૨૮મીમી |
| વડાલી | ૧૨૪મીમી |
| વિજયનગર | ૧૪૦મીમી |

**સાબરકાંઠા જીલ્લામાં આજે સવારે ૬ થી સાંજના ૬ દરમિયાન નોંધાયેલ વરસાદ**

| | |
|---|---|
| હિંમતનગર | ૧૪૧ મીમી |
| ઈડર | ૧૪૪મીમી |
| ખેડબ્રહ્મા | ૯૦મીમી |
| પોશીના | ૧૨૧ મીમી |
| પ્રાંતિજ | ૧૦૧ મીમી |
| તલોદ | ૧૧૪મીમી |
| વડાલી | ૮૬ મીમી |
| વિજયનગર | ૮૭મીમી |

**સાબરકાંઠા જિલ્લાના ડેમોમાં આજે સાંજે ૬ કલાક સુધીની પરિસ્થિતિ**

| | |
|---|---|
| ગુહાઈ | ૧૩૭૦૦ ક્યુસેક પાણીની આવક |
| હાથમતી | ૧૨૫૦૦ ક્યુસેક પાણીની આવક |
| જવાનપુરા | ૫૩૦૦ ક્યુસેક પાણીની આવક ૫૩૦૦ જાવક |
| હરણાવ | ૪૦૦૦ ક્યુસેક પાણીની આવક ૨૦૦૦ જાવક |
| ખેડવા | ૫૪૦૦ ક્યુસેક પાણીની આવક ૫૪૦૦ જાવક |
| ઈન્દ્રાસી | ૭૫૦૦ ક્યુસેક પાણીની આવક |
| ગોરઠીયા | ૫૦૦૦ કયુસેક પાણીની આવક ૫૦૦૦ જાવક |

# ધરોઈમાંથી ૫૦ હજાર ક્યુસેક પાણી છોડાયું

## વિજાપુર-પ્રાંતિજ-ગાંધીનગરના નદીકાંઠાના ગામોમાં તંત્ર એલર્ટ

મહેસાણા, તા. ૨૪

મહેસાણા જિલ્લામાં છેલ્લા ત્રણ દિવસથી સતત ભારે વરસાદ પડી રહ્યો હોઈ નીચાણવાળા ભાગોમાં ઠેર ઠેર પાણી ભરાઈ ગયા છે. જિલ્લામાં અનરાધાર વરસાદને લીધે જનજીવન અસ્ત વ્યસ્ત થઈ ગયું છે. અવિરત વરસાદ તેમજ હજી વધુ ભારે વરસાદની આગાહીના પગલે આવતીકાલ તા. ૨૫ જુલાઈને મંગળવારના રોજ શાળા, કોલેજો બંધ રાખવાનો નિર્ણય જિલ્લા કલેક્ટર દ્વારા લેવામાં આવ્યો છે.

જિલ્લાના વિજાપુર તાલુકાના સાબરમતી નદીના કાંઠા વિસ્તારના ગામોમાં ભારે વરસાદ તથા નદીમાં પાણી આવવાની શક્યતા જોતાં તાલુકાના નદીકાંઠાના તમામ ગામોમાં લોકોને નદી કિનારે નહીં જવા ચેતવણી આપવામાં આવી છે. જિલ્લા ધરોઈ ડેમમાં ઉપરવાસમાં વરસાદ પડવાથી નવા પાણીની આવક થવા માંડી છે. આજ બપોર સુધી ધરોઈ ડેમનું પાણીનું લેવલ ૬૧૧.૧૫ ફૂટનું થયેલ છે. જે રાત્રે વધીને ૬૧૭ ફૂટ થવાની શક્યતા હોઈ શરૂઆતમાં ૫૦ હજાર ક્યુસેક પાણી છોડવામાં આવનાર છે. જેથી ડેમના નીચાણવાળા વિસ્તારના ગામોને ચેતવણી આપવામાં આવી છે.

દરમિયાન મહેસાણા શહેરના હિરાનગર વિસ્તારમાં કર્મચારીનગર સોસાયટી પાસે વીજળીના થાંભલા પર અચાનક શોર્ટ સર્કિટ થતાં કેબલ નીચે પડી જતાં જાનહાનિ ટળી હતી. વરસાદી વાતાવરણમાં વીજતંત્રના પ્રિમોન્સૂન પ્લાનની પોલ ખુલી ગઈ છે. જિલ્લાના કેટલાયે ગામોમાં વીજપુરવઠો ખોરવાઈ જતાં લોકો મુશ્કેલી વેઠી રહ્યા છે.

બીજુ મહેસાણા ખાતે રામોસણા નજીક વિસનગર તરફના રોડ પર રેલવે ઓવરબ્રિજમાં ટુંકા સમયગાળામાં નાના મોટા ગાબડાં પડી જતાં વાહનચાલકો પરેશાની ભોગવી રહ્યા છે. આ ઓવરબ્રિજમાં ઠેર ઠેર મોટા ખાડાઓને લઈને નાના વાહનો પલ્ટી ખાઈ જાય તેવી સ્થિતિ સર્જાઈ છે. વધુમાં બ્રિજ પરના આરસીસી રોડમાંથી લોખંડના સળિયા પણ બહાર આવી ગયા છે.





## પ્રાંતિજના સોનાસણમાં વરસાદી પાણી ઘરોમાં ઘુસ્યા

સાબરકાંઠા જિલ્લામાં મેઘરાજાની મહેર થતાં ત્રણ દિવસથી ધીમીધારે પડી રહેલ વરસાદને લઈને પ્રાંતિજના સોનાસણ ખાતે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયાં હતા. પ્રાંતિજના સોનાસણ ખાતે છેલ્લા ત્રણ દિવસથી પડી રહેલ વરસાદને લઈને નીચાણવાળા રહેણાંક વિસ્તારો સહિત મહાકાલી માતાના મંદિરમાં પણ વરસાદી પાણી ભરાયું હતું અને વણકર વાસ, ચમારવાસ, લક્ષ્મીનગર, મહાકાલી મંદિર બાજુ વરસાદી પાણીનો કોઈજ નિકાલ ના હોવાથી આ વિસ્તારોમાં પાણી ભરાયાં હતાં અને રહીશોના મકાનમાં તથા મહાકાલી મંદિરમાં તથા રોડ ઉપર ઢીંચણ સુધી પાણી ભરાયાં હતાં ત્યારે જો હજુ વધુ વરસાદ પડે તો આ વિસ્તારના રહીશોની મુશ્કેલીઓમાં વધારો થશે તેમ કહીએ તો નવાઈ નહી. ત્યારે તંત્ર દ્વારા આ વિસ્તારના રહીશો માટે વરસાદી પાણી અને ગટરલાઈન માટે પાંચ લાખ રૂપિયા મંજુર કર્યા હોવા છતાં પાસે આવેલ સ્કૂલ પાસેથી પાઈપ લાઈન જે તે સમયે પસાર ના થવા દેતાં હાલ તો આ વિસ્તારના રહીશોની સ્થિતિ કફોડી બની છે ત્યારે રહીશોનું કહેવું છે કે તંત્ર દ્વારા હાલ પુરતી જો વરસાદી વ્યવસ્થા નહી કરવામાં આવે તો વરસાદી ગંદુ પાણી હજુ લોકોના ઘરોમાં પાણી ઘુસે તો નવાઈ નહી.

# મહેસાણામાં જનજીવન અસ્ત વ્યસ્ત : હજુ બે દિવસ મેઘરાજા તાંડવ કરે તેવી ભીતિ

મહેસાણા માં છેલ્લા ૨૪ કલાક થી ધીમી ધાર નો વરસાદ ખાબકી રહ્યો છે. ખેડૂતો માટે કાચું સોનુ વરસાદ વરસતાં ખેડૂતો માં આનંદ છવાયો છે. તો બીજી બાજુ ઘણી જગ્યા પર પાણી ભરાઈ જતા ખેડૂતો બેહાલ બન્યા છે જિલા માં નીચન વાળા વિસ્તારો માં આપી ભરાઈ ગયા છે. તંત્ર સફાળું જગયું છે અને આવતીકાલે શાળા કોલેજ ની રજા જાહેર કરવાનો વારો તંત્ર ને આવ્યો છે.

મહેસાણા સહિત ઉતર ગુજરાત માં ૧૯૯૬ ની પુર ની સ્થિતિ ની યાદ ફરી તાજા થવા ગઈ છે. આજે ફરીવાર તંત્ર સહિત સ્થાનિકો ને ધમ્ધોડ્યું છે. અને હાલમાં નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાઈ જવા ગયા છે. જિલ્લાના ૧૦ તાલુકામાં વરસાદ ૨૪ કલાકમાં મન ભરીને વરસી રહ્યો છે. જેને લઈને જનજીવન અસ્ત વ્યસ્ત થવા ગયું છે. શ્રાવણના પ્રથમ સોમવારે વરસાદ નોંધાતા શિવ ભક્તો માં નારાજગી છે જ્યારે શાળા કોલેજો વધુ વરસાદને કારણે બંધ જેવી સ્થિતિનું નિર્માણ આજે થવા ગયું હતું. આવતીકાલે તંત્ર એ રજા જાહેર કરી છે. જિલ્લામાં સૌથી વધુ વરસાદ સતલાસણામાં ૬ ઈંચ જેટલો નોધવા ગયો છે. જ્યારે બીજા તાલુકાની વાત કરવા માં આવે તો બેચરાજીમાં ૪ ઈંચ, કડીમાં બે ઈંચ, ખેરાલુમાં ૪ ઈંચ, મહેસાણામાં ૪ ઈંચ, વડનગરમાં દોઢ ઈંચ, વિજાપુરમાં બે ઈંચ, વિસનગરમાં ૨ ઈંચ, ઊંઝામાં ૪ ઈંચ અને જોટાણામાં અઢી ઈંચ વરસાદ નોંધાયો છે.

**મહેસાણા જિલ્લામાં ૧૨ કલાકનો વરસાદ**

| | |
|---|---|
| બહુચરાજી | ૧૪૫ મિમી |
| કડી | ૬૭ મિમી |
| મહેસાણા | ૧૩૯મિમી |
| વિજાપુર | ૧૦૧ મિમી |
| ખેરાલુ | ૯૫મિમી |
| વડનગર | ૭૫મિમી |
| વિસનગર | ૮૬ મિમી |
| સતલાસણા | ૧૭૨ મિમી |
| ઊંઝા | ૧૦૯મિમી |
| જોટાણા | ૯૧ મિમી |

જ્યારે ધરોઈ ડેમના બે દરવાજા ખોલાયા છે. પાણીની આવક ૧,૪૫,૦૦૦ કયસેક થઈ રહી છે. હાલની જળ સપાટી વધીને ૬૧૨.૫૬ ફૂટ થઈ છે. અને ભયજનક જળ સપાટી ૬૨૨ ફૂટ છે. ધરોઈ ડેમમાં પાણીની આવકમાં સતત વધારો થવાથી સાબરમતીના નદીના કાંઠા વિસ્તારના ગામોને સાવચેત રહેવા જણાવાયુ છે. નદી કિનારે જવું નહી અને કાંઠા વિસ્તારથી દુર રહેવા જણાવાયું છે. વિજાપુર તાલુકાના સાબરમતી નદીના કાંઠા વિસ્તારના ગામોમાં ભારે વરસાદ તથા નદીમાં પાણી આવવાની શક્યતા જોતા તાલુકાના નદી કાંઠાના તમામ ગામોમાં લોકોને નદી કિનારે નહિ જવા ચેતવણી આપવામાં આવેલ છે તથા નદી કાંઠેથી દુર ખસી જવા ચેતવણી આપવામાં આવેલ છે. તેમ મામલતદાર વિજાપુર મેધપરાએ જણાવ્યું હતું. જ્યારે કડી પાસે આવેલ કરણનગર ગામમા વડી પાટી પટેલ વાસમા બે માળનું પાકું મકાન ભારે વરસાદમા ધરાશાહી થયું છે.

મહેસાણા જિલ્લામાં અવિરત વરસાદના તેમજ ભારે વરસાદની આગાહીના પગલે ૨૫ જુલાઈ ૨૦૧૭ને મંગળવારે શાળા કોલેજો બંધ રાખવાનો નિર્ણય જિલ્લા કલેક્ટર દ્વારા કરાયો છે. અને બનાસકાંઠામાં અતિવૃષ્ટીના પગલે મહેસાણા જિલ્લામાંથી ફુડ પેકેટ મોકલવા માટે જિલ્લા કલેકટર દ્વારા સેવાકીય સંસ્થાઓને અપીલ કરી છે. ધરોઈમાં ડેમમાંથી ૫૦,૦૦૦ ક્યુસેક પાણી છોડાશે, સાબરમતીના નદીના કાંઠા વિસ્તારના ગામોને સાવચેત રહેવું, નદી કિનારે જવું નહી અને કાંઠા વિસ્તારથી દુર રહેવું તેવું તંત્ર એ જણાવ્યું છે. ઘરોઈ ડેમનુ લેવલ ૬૧૧.૧૫ ફુટ છે. હાલની આવક ૧,૪૧,૦૦૦ કયુસેકસ છે. આજ રીતે પાણીની આવક ચાલૂ રહેશે તો રાતે ૨૨ કલાકે ડેમનુ લેવલ ૬૧૭.૦૦ ફુટ થવાની શકયતા હોઈ શરુઆત મા ૫૦,૦૦૦ કયુસેકસ પાણી છોડવા મા આવશે. આવક અનુસાર પાણી છોડવામા વધારો કરવામા આવશે. જેથી ઘરોઇ ડેમના નીચાણવાળા વિસતારના ગામોને ચેતવણી આપવા વિનતિ પાઠવવામા આવી છે.

## પ્રાંતિજ સહિત તાલુકામાં મેઘ મહેર

### ધીમીધારે વરસેલો મોસમનો વરસાદ પ્રાંતિજમાં કુલ ૧૭ ઈચ નોંધાયો : ખેતીલાયક વરસાદને લઈને ખેડૂતોમાં ખુશીની લહેર

પ્રાંતિજ, તા. ૨૪

સાબરકાંઠા જિલ્લામાં પણ મેઘરાજાએ તેમની અસીમ કૃપા કરતાં જિલ્લામાં વિવિધ સ્થળોએ મેઘ મહેર જોવા મળી હતી અને કયાંક ધીમીધારે કે કયાંક ધમાકેદાર વરસાદ પડતાં જિલ્લામાં પાણી-પાણી થઈ ગયું હતું અને ખેડૂતો સહિત લોકોમાં ખુશી જોવા મળી છે.



સાબરકાંઠા જિલ્લામાં મોડે-મોડે પણ ધીમીધારે વરસાદ પડવાની શરૂઆત થતાં જિલ્લામાં અનેક સ્થળોએ પાણી-પાણી થઈ ગયું હતું અને ત્રણ દિવસથી ધીમીધારે વરસી રહેલ મેઘરાજાની અસીમ કૃપા થતાં ખેડૂતો સહિત જિલ્લાવાસીઓમાં ખુશી જોવા મળી હતી તો પ્રાંતિજમાં પણ મેઘ મહેર જોવા મળી હતી અને આ વરસે ધીમીધારે મેઘરાજાએ બેટિંગ કરતા કાચુ સોનુ વરસ્યું હતું અને પ્રાંતિજ સહિત તાલુકામાં ધીમીધારે પડેલ મોસમનો કુલ-૧૭ ઈચ જેટલો વરસાદ નોંધાઈ ચુક્યો છે જ્યારે પ્રાંતિજ સહિત તાલુકામાં ૨૪ કલાકથી પડેલ વરસાદને લઈને નીચાળવાળા વિસ્તારોમાં પાણી ભરાયાં હતાં તો પ્રાંતિજ સહિત જિલ્લામાં જનજીવન ઉપર પણ વરસાદને લઈને અસર જોવા મળી હતી.



## ધનસુરા-દોલપુર માર્ગ પરનું ડાયવર્ઝન વરસાદમાં ધોવાયું

છેલ્લા ત્રણ દિવસથી ધનસુરામાં વરસી રહેલા વરસાદના કારણે ધનસુરા દોલપુર રોડ પર આવેલ ડાયવર્ઝન ધોવાઈ ગયુ હતુ. પુલનુ કામ ચાલુ હોવાથી ડાયવર્ઝન અપાયુ હતુ. ધનસુરા તાલુકામાં ૧૦ કલાકમાં ૬ ઈંચ વરસાદ થતાં ધનસુરાથી દોલપુર કંપા થઈ નવિ શિણોલથી હિંમતનગરને જોડતા રોડનો ડાયવર્ઝન ધોવાયો હતો. ડાયવર્ઝન ધોવાતા દોલપુરગામ અને દોલપુર કંપા બન્યું સંપર્ક વિહોણું પુલનું કામ ચાલુ હોવાથી અપાયું હતું ડાયવર્ઝન.

# અવિરત વરસાદના પગલે મહેસાણા જિલ્લાની શાળા-કોલેજોમાં રજા જાહેર કરાઈ

મહેસાણા જિલ્લામાં સતત પડી રહેલ અવિરત વરસાદના પગલે જિલ્લાની તમામ શાળા-કોલેજો અને આંગણવાડીઓમાં ૨૫ જુલાઈને મંગળવારે રજા જાહેર કરાઈ છે. જિલ્લામાં વરસાદની પરિસ્થિને પહોંચી વળવા તંત્ર સજ્જ થયું છે. મહેસાણા જિલ્લામાં સાબરમતી જળાશય યોજના ધરોઈ ડેમનું લેવલ બપોરે ૩ વાગ્યા સુધીમાં ૬૧૧.૧૫ ફુટ નોંધાયું છે અને આ સમયે પાણીની આવક ૧,૪૧,૦૦૦ ક્યુસેક નોંધાઈ છે. જેથી સતત પાણીની આવકના પગલે ૫૦,૦૦૦ હજાર ક્યુસેક પાણી છોડવામાં આવનાર છે. જિલ્લા વહીવટીતંત્ર દ્વારા સાબરમતી નદીના કાંઠા વિસ્તારના ગામોને એલર્ટ કરી સાવચેત રહેવા જણાવાયું છે. નદી કાંઠે નહી જવા તાકીદ કરાઈ છે.

# મહેસાણા જિલ્લા વહીવટીતંત્ર દ્વારા ફુડ પેકેટ બનાસકાંઠા મોકલાયા

બનાસકાંઠા જિલ્લામાં અતિવૃષ્ટીના પગલે નીચાણવાળા વિસ્તારના લોકોનું સ્થળાંતર કરાયું છે. જે અંતર્ગત મહેસાણા જિલ્લા વહીવટીતંત્ર દ્વારા ફુડ પેકેટ સહિતની સહાય ચાલુ કરી છે, મહેસાણા જિલ્લા વહીવટીતંત્ર દ્વારા વિવિધ સેવાકીય સંસ્થાઓનો સંપર્ક કરી અંદાજે દસ હજાર જેટલા ફુડ પેકેટ-સુકો નાસ્તો અને પાણીના પાઉચ તૈયાર કરી બનાસકાંઠા મોકલાયા છે.

જિલ્લા કલેકટર આલોક કુમારે જણાવ્યું હતું કે બનાસકાંઠામાં અવિરત પડી રહેલ વરસાદના પગલે સ્થિતિ વણસી છે. જિલ્લાના લોકોનું સ્થળાતર કરાયું છે, આ પરિસ્થતિને પહોંચી વળવા માટે સ્વૈચ્છિક સંસ્થાઓને આગળ આવવા અપીલ કરી હતી. મહેસાણા જિલ્લાની સ્વૈચ્છિક સંસ્થાઓ ફુડ પેકેટ આપવા માંગતી હોય તો તેમણે સંબધિત મામલતદાર કચેરીનો સંપર્ક કરવા જણાવ્યું હતું.

ફુડ પેકેટો સંદર્ભે જિલ્લા કલેક્ટર આલોક કુમાર અને નિવાસી અધિક કલેક્ટર રમેશ મેરજાએ વિવિધ સંસ્થા કોઓર્ડીનેટ કરી ફુડપેકેટ મોકલવાની કાર્યવાહી કરી હતી.